આ શૃંગારીનાયોની-કામના અંગી નિર્વેદની ને નિર્વેદના અંગી અમૃતાની અદ્ભુત ખીલવટ છે. અમૃતાનું આલંબન ઉદ્ધત કવિયો અને ઉદ્દીપન વિષયમદછે. તેમણે કરેલાં 'તન્વી' 'શ્યામા' ઇ. અતિશયોક્તિવાળાં વર્ણનો અનુભાવોછે. આગી ભામનો વ્ય. ભાવ તેમનાં શ્રમ અને ઈત્યાને 'મિથ્યા' કથવાથી પ્રતીત થાયછે. વળી આ અંગીભૂત અમૃતાથી નિર્વેદ પણ પૂષેછે 'શ્યામાં'-તેનું આલંબનછે. સ્તનો 'માંસગ્રન્થી'છે, 'નવસ્તન' નથી. ઇત્યાદિ દાડકાના કકડાછે પણ શુચિ નથી; આવા અભ્યાન્તરના વિચારો ઉદ્દીપનછે આમ આલંબન ઉદ્દીપન અને સહકારીભાવે પોતાનો નિર્વેદ શમને પોષી શાન્તરસરૂપ પ્રકટાવેછે. પ્રથમના પદમાં ઉપમાં અને બીજા પદમાં રૂપકાલંકાર છે. વક્રિયુક્તિ છે.

यस्येना मदनेषवो मृगदृशश्चैव कुरंगारयो
    [1]धीराणामपि नो भवेयुरवशा संसारमायापुरे ।
को नामामृतसागरे न रमते धीरस्सदा निर्भये
    पूर्णानन्दमहोदधिरस्यनिकरे रागादिनक्रोज्झिते ॥२४॥

આ માયા નગરીમહીં મનભૂમો કામીયના બેસવા,
    કાન્તા કામશરો ન હોત કદિ તો આહા ! ભલા નિર્ભયા !
પૂર્ણાનન્દતરંગ સુંદર પૂર્ણ આત્મામૃતસાગરે
    હદુમાં લીન બને ન કોણ? મગરો લોભાદિ જ્યાં નાસરો.॥૪॥

કામશરો—કામનાંપુ.   હદુમાં—ધ્યાનમાં

આ ઇ. માયારૂપીનગરીમાં કાન્તાનોનાં મનરૂપી હરણોને હણવામાં [illegible] રૂપી કામબાણ ન હોત તો ઇત્યાદિ (અતિશયોક્તિ મેદ, મદ, [illegible]

---

[1] [illegible] ૧૧ મેં. "[illegible] [illegible]"

સમજવા) મનરો જ્યાં કદિ વસતા નથી એવા સુંદર નિર્મળ અને પૂર્ણજ્ઞા-નતરંગોએ ભરેલા આત્મારામી જ્ઞાનામૃતના સાગરની લ્હેરમાં લીન કેમ ન બનાય ? સર્વે લીન બનાય. આ જગત્‌માં કૃપાળી જ્ઞાનયોગ સર્વેજનોને બોધનું ક્ષાપ્યું. ને તેમ નહોય તો સર્વેજનો બ્રહ્માનંદનો સ્વાદ અનુભવનાર એ બનાશે.

અહીં સુભગો પોષ્કટ પ્રઅકેવર રતિનો ભાવ સ્ફુરે છે. આત્મા તેનું આલંબન છે. સુંદરપણું, પૂર્ણજ્ઞાનતરંગીપણું, સુધાસાગરપણું ને અમાલિનપણું ઉદ્દીપનો છે. આમ રતિનો બળ-ભાવ પોષાયેલો છે. વળી 'ન હોય કદિ તો' આદી ચિન્હનો, 'અહા!' શબ્દે હર્ષનો અને 'લ્હેરમાં લીન બને ન કેમ?' આદી ઔત્સુક્યનો ભાવ જણાય છે. આમ રતિ ચિંતા, હર્ષ ને ઔત્સુક્યના સહકારીભાવોથી પોષનો ક્રમ, બ્રહ્માનંદમય આનંદનું આસ્વાદન કરાવે છે. એકદેશીમાંમરૂપકાલંકાર ને શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૧

'બાલેયં બાલભાવં ત્યજતિ ન મુદતી પત્કટાક્ષૈર્વિશાલૈ-
રહરાન્વિભ્રામયન્તી સ્મરદ્વરદલક્ષિતનૂતનબાલા'[१] ।
નેતું વાઞ્છત્યકાપાન્ સ્વસદનમધુના ક્રીડિતું દત્તચિત્તાન્
પુષ્પધીલ્લોતસ્માભે મુગ્ધાજિને કમલાવક્ષ્મે ગોપનીમે ॥૪૨॥
લક્ષ્મીલાલા, બૌદ્ધિલાનીલ કમલસમા ગોપિકા વલ્લભે રે,
લ્હેમાં હું લીન; તેને અજી હજી ન જતાં બાલિકા મુગ્ધ ભાવે!

૧ સરખાવો વૈ. શ. ૧૪ મો. बाले लीलामुकुलितममी मन्थरा दृष्टि-पाताः किं क्षिप्यन्ते विरमविरम व्यर्थ एष श्रमस्ते । सम्प्रत्यन्ये वयमुपरतं बाल्यमास्था वनान्ते क्षीणो मोहस्तृणमिव जगज्जालमालोकयामः ॥ વળી તેજ શતકનો ૧૫ મો श्लोक सा प्रणयवानतिविदग्धः प्रकामं मधुः स्फुरति विस्मितेक्षणतः ।

२ स्मरस्वरदलाक्षितनूतनबाला પાઠ શુદ્ધ છે. પણ તે સમજુંવું પાડે કેવાથી આ પાઠ સ્વીકાર્યો છે.

[illegible] ત્રુવીનિ
[illegible] ચિતે ને !!
[illegible] ની દુંપતી.

[illegible] ઘનશ્યામ
[illegible]
[illegible] આ [illegible]
[illegible] ચેતના
[illegible] તથા
[illegible] પાછો
[illegible] માણવાને
[illegible] લિપ

[illegible] ની વનીને
[illegible]
[illegible]
[illegible] હશે.

[illegible]
[illegible]
[illegible]
[illegible] છે.
[illegible]
[illegible]

[illegible] હાલાહલ
[illegible]

[illegible]
[illegible]

[illegible]

[illegible] ॥ ४१ ॥

[illegible]

તળ વિતળ ને પાતાળોનાં બધાં તળ પાવની,
  સુરસરિ સમી સ્ત્રી! સૌ વંદનીય તમે નકી;
નમું નમું સતી નારી! આપે જણ્યા કુળદીપકો,
  અગણિત ગુણી પુણ્યશ્લોકો ભૂમિ પ્રતિપાલકો. ૪૩

તળવિતળ—સાત પાતાળના નામ. સુરસરિ—ગંગાજી. વંદનીય—પૂજ્ય. પ્રતિપાલકો—પાલનકરનાર

ઉપરના શ્લોકોમાં સામાન્યપણે સ્ત્રીજાતીનું સ્વાભાવિક કુટિલપણું અને અવગુણપણું કહી હવે આ શ્લોકમાં સાચી સ્ત્રીઓની સ્તુતિ કરી તેનો પરિહાર કરે છે.

તળ, વિતળ, અતળ, સુતળ, તળાતળ, રસાતળ ને પાતાળ ઇત્યાદિ સર્વે લોકોને પવિત્ર કરનારી, ભગવતી ભાગીરથી જેવી હે દેવિઓ! તમો સર્વેને સદા વંદનીયજ છો. અને તેથી તમોને તો હું વારંવાર નમન કરૂં છું. કારણકે આપે અગણિત ગુણવાળા, પ્રાતઃકાળમાં સ્મરણ કરતાં પણ પવિત્ર થવાય એવા અને ભૂમિનું રક્ષણ કરનારા, મહાત્મા અભિમતિવાળા કુળદીપકોને જન્મ આપેલો છે. અને તેથી તમે દેવ સમાન વંદન યોગ્ય જ છો. સ્ત્રીજાતિની નિન્દા કરેલી તેમાં હું આપની ગણના કરતો નથી.

ઉક્ત દિલીપના પુત્ર ભગીરથ થયા તેઓએ ભુવનપાવનીભગવતી ગંગાને પ્રસન્ન કર્યાં. અને પછી રુદ્રને પ્રસન્ન કર્યા. રુદ્રને એટલામાટે કે ગંગાજીનો પ્રબળપ્રવાહ ભૂમિ ઉપર કોઇ સમર્થ ન ઝીલે તો તે સ્વર્ગથી નીચે પડતાં ભૂતલને ભેદી રસાતલમાં ચાલ્યો જાય. પછી ભગવાન શિવે પોતાના જટામંડળમાં ગંગાજીના પ્રબળપ્રવાહને ધારણ કર્યો. ને ત્યાંથી ભગીરથરાજાના ચાતુર્યથી ઉતરી સ્થળાન્તર તે પ્રવાહ વહ્યો. વહેતાં વહેતાં જ્યાં બ્રહ્મશાપથી સ્થિત સગરરાજાના પુત્રોને ગંગાજીના જળનો સ્પર્શ થતાંજ સ્વર્ગપ્રાપ્તિ થઇ. અને તેથી ભગીરથની મહાકીર્તિ પણ મંગળ થઇ. ભગીરથના નામપરથી ભુવનપાવની ભગવતી ગંગાદેવીને ભાગીરથી પણ કહે છે. (આ આખ્યાયિકા માટે જુઓ શ્રીમદ્ભાગવત ૯-૯-૧૨ यज्जलस्पर्शमात्रेण ब्रह्मदण्डहता अपि। सगरात्मजा दिवं जग्मुः केवलं देहभस्मभिः॥ જેના જળના માત્ર સ્પર્શથીજ, બ્રહ્મદંડ આપે હણાયેલા સગરપુત્રો કે જેઓ કેવળ ભસ્મરૂપેજ હતા તેઓ પણ સ્વર્ગમાં ગયા.)

[illegible]પનો જ્યારે સત્ત પૂજ્ય છો એ ભાવ છે.

સતી સ્ત્રીઓ ઉપર પૂજ્ય ભાવની રતિ અહીં સ્પષ્ટ છે. આલંબન, [illegible] અને તેની બીજી સતી સ્ત્રીઓ છે. ઉદ્દીપન, સંકેતને પાવન કર[illegible] તેમની સેકડોગમે પવિત્રતા, દેવો પણ પૂજે એવી અગાધ પૂજ્યતા, તેમના કુળદીપક પુત્રોની ધર્મપરાયણતા ને મહત્તા છે. અનુભાવ તો નમન કરવા રૂપ સ્પષ્ટ છે. પ્રથમના પદમાં 'સ્મૃતિ' નો અને 'નમુ' શબ્દ ની [illegible]થી 'ઔત્સુક્ય'નો વ્ય. ભાવ પુષ્ટ છે. આમ પોતાને રતિ, શમનો સહકારી બની શાન્તરસનો આસ્વાદ ઉપજાવે છે. માધુર્ય ને પ્રસાદના ગુણો તથા ભાવની રતિ છે. હરિગીત છંદ છે.

किं स्थानस्य निरीक्षणेन मुरजित्स्थानाय भूमंडले
भ्रान्तैर्द्वारविवर्धितैरतराः स्रक्चन्दनाद्यौ सदा ।
सान्तेना यदि नास्ति हन्त सुतरां व्यर्थं तदन्वेषणम्
स्थानस्यावधिकारिणः सुरधुनीतीरादिकुञ्जादिषु ॥४४॥

માળા ચંદન આદિ ભોગવિષયે જેને વિરક્તિ સદા,
સ્થાન ધ્યાનનું શોધવા ભૂમિવિષે તેને ન હેતુ જરા;
જે છે ભોગવિલાસમાં લસલસ્યો લોલુપ તેમાં મહા,
તે તો ગંગતીરે ગિરિગહનમાં કે જ્યાં ભમે ત્યાં વૃથા. ૪૪

વિરક્તિ—વૈરાગ્ય. લોલુપ—અતિ આસક્તિવાળો. હેતુ—કારણ.
ગિરિગહનમાં—પર્વતની ગુફાગુહામાં.

માળા, ચંદન અને બીજાએ ઇંદ્રિયભોગના વિષયોપર જેના મનમાં સત્ત વૈરાગ્ય છે એવા પવિત્રચિત્તવાળા અધિકારી પુરૂષને તો ધ્યાન કરવાનું સ્થાન શોધવાનું કંઇ કારણ નથી. તેને તો આ ભૂમિનો સર્વસ્થાન ધ્યાન કરવાલાયક પવિત્ર તીર્થરૂપજ છે. પરંતુ જે માણસ ભોગોના વિલાસે[illegible]માં ગળાબૂડ થયેલો ને તેનીજ આસક્તિમાં અંધ બનેલો છે તે તો ગંગા ને તીરે જાય કે ગિરિગુફાગુહામાં જાય, જ્યાં જાય ત્યાં નકામુંજ છે.

---

૧ સ્રક્ચન્દનાદૌ તથા સ્રા [illegible] પાઠને સ્થાને વાયવ્યાદૌ તથાનાંયતા પાઠ હતો. અમારા મતાનુસાર આ પાઠ સ્વીકાર્યો છે.

ज्ञानेनैव [illegible] कर्म [illegible] [illegible] योगिनः

[illegible] [illegible] [illegible] मुक्तात्मना ।

[illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] ॥ ४९ ॥

[illegible] [illegible] [illegible] [illegible] [illegible],

[illegible] [illegible] [illegible] [illegible] थतां;

[illegible] [illegible] श्रीमद्

[illegible]

કામાસક્ત વિલાસ લાલસ બની પેલી મતિનર્તકી
સંગે આ ભવરૂપ રંગભૂમિમાં નાચેછ કૂદી કૂદી. ૪૫

શ્રીમદ્ભગવદ્ગીતાના અ. ૧૮ શ્લોક. ૬૧ માનું આમાં વિસ્તારથી નિરૂપણ કર્યું છે. શ્રી. ભ. ગી. માં આવું છે કે ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया) "હે અર્જુન! સર્વ પ્રાણીઓના હૃદયભાગમાં ઇશ્વર વસે છે અને યંત્રમાં રહેલા સર્વ પ્રાણીઓને માયાથી ભમાવે છે."

[1]કોઇ અગમ્ય દશા કે જેને ચક્ષુ, વાણી કે મન કાંઇ પહોંચી શકતું નથી તથા જે અકથ્ય, અમાપ ઐશ્વર્યવાળા છે તેમની પ્રેરણાથી યંત્રમાં (શરીરમાં) પ્રેરાયેલા [2]જીવો સંસારનાં કર્મો દુઃખભરેલાં છે એમ પિછાણે છે છતાં કામાસક્ત ને વિલાસલાલસુ બની, પોતાની મરજી છોડી ને પેલી મતિરૂપી નર્તકી (નાચનારી કુલટા સ્ત્રી) સાથે આ સંસારરૂપી રંગભૂમિમાં કૂદી કૂદી નાચે છે અને આ તથા હવે પછીના ભવમાં પોતાને પીડનારાં પ્રારબ્ધોના સંસ્કારો સંગ્રહે છે.

ઇશ્વર વિષયે રતિનો ભાવ અત્રે સ્પષ્ટ છે. ઇશ આલંબન છે, તેમની સર્વજ્ઞતા, ભૂતમાત્રોને યંત્રમાં પ્રેરી નૃત્ય કરાવવાની નિપુણતા, અનન્ય કુશળતા અને અમાપ ઐશ્વર્ય ઉદ્દીપનો છે. આથી પરિપોષિત થનો રતિ રસને પ્રકાશિત કરે છે. સંસારને રંગ ભૂમિનું ને મતિને નર્તકીનું રૂપક આપવાથી એક દેશી સાવયવ રૂપકાલંકાર છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૧૦



૧ સરખાવો કેનોપનિષદ્ પ્રથમખંડ. न तत्र चक्षुर्गच्छति न वाग्गच्छति नो मनो न विद्मो (ત્યાં ચક્ષુ પ્હોંચતી નથી, વાણી પ્હોંચતી નથી ને મન પણ પ્હોંચતું નથી જેથી અમે જાણી શકતા નથી) આમ હોવાથી ભાષાન્તરના પદબંધમાં 'કો' પદની સાર્થકતા છે.

૨ છાન્દોગ્યોપનિષદમાં શ્રુતિ છે કે तत् सृष्ट्वा तदेवानुप्राविशत् अनेन जीवेनात्मनानुप्रविश्य ૬. (ते जगतने सरजीने आ रूपमां तेमांज पेठा हता)

कर्तव्यं न करोति बंधुभिरपि स्नेहान्मभिर्बोधितः
. कामित्वादवमन्यते[1] हितमतं धीरोप्यभीष्टं नरः ।
निष्कामस्य न विक्रिया तनुभृतो लोके क्वचिद्दृश्यते
यत्तस्मादिदमेव[2] मूलमखिलानर्थस्य निर्धारितम् ॥४१॥

વ્હાલાં વ્હાલ કરી કરી વિધવિધે વેગેથી વારે છતાં,
કામે લુબ્ધ થતાં વિવેકી પણરે! કર્તવ્યને ત્યાગતા;
ચિત્તે વિકૃતિનીકૃતિ નવ બનેનિષ્કામીને તો કદા,
નક્કી સર્વ અનર્થમૂળ સમજું આ કામની વાસના. ૪૧

કર્તવ્ય—કરવાયોગ્ય. વિકૃતિનીકૃતિ—વિકારનું કામ. નિષ્કામી—કામ રહિત. અનર્થમૂળ—નઠારાં ફળનું કારણ.

સારાસારનો વિચાર કરી શકે એવા વિવેકીજનો પણ જ્યારે મદનાતુર થાયછે ત્યારે તેમનાં સગાંવ્હાલાં વિધવિધ વ્હાલથી ને વખતે વેગે (ગુસ્સા) થી વારેછે છતાં તે હિત કર્તવ્યો ત્યાગેછે ને અહિતમાં ઉતરેછે; પરંતુ જે કામના રહિતછે તેમને ચિત્તે તો ક્યારે આવા વિકારનું કાર્ય થતું નથી તેઓ તો કરવાયોગ્ય કામ છોડતા નથી ને ન કરવા યોગ્યમાં હિત જોડતા નથી આ ઉપરથી નક્કી થાયછે કે, માણસોને અવળામાર્ગમાં દોરનાર ને દુઃખમાં નાંખનાર કામવાસનાજ પ્રબળકારણ રૂપછે તેને ત્યજવાથીજ સુખ થશે એ ખાત્ર છે.[3]


---

૧ મૂળમાં अभिमन्यते પાઠછે પણ સંપાદકની સૂચના પ્રમાણે अवमन्यते પાઠ ઠીક લાગતાં ને સ્વીકાર્યો છે.

૨ મૂળમાં भयमेव પાઠ છે પણ તે સ્થાને इदमेव પાઠની સુસંગતિ હોતાં તે યોજ્યો છે.

૩ યોગવાસિષ્ઠકાર પણ આમજ કહેછે કે, बंधो हि वासनाबंधो मोक्षः स्याद्वासनाक्षयः । वासनास्त्वं परित्यज्य मोक्षार्थित्वमपि त्यज ॥ (વાસના બંધારી એજ ખરમાં બંધન કારી છે ને વાસનાનો ક્ષય તેજ મોક્ષ છે. માટે વાસનાનો ત્યાગ કરી મોક્ષેચ્છારૂપ વાસનાનો પણ ત્યાગ કરો.) મુણ્ડકોપનિષદ્‌માં કહે છે કે कामान् यः कामयते मन्यमानः स कामभिर्जायते

અત્રે શમને ખોરસાર ગ્રહનિનો સદચારીભાવ છે. તેનુ આલંબન કા-મણામના છે, ઉદ્દીપન, કાંત સ્ત્રાદી જનોને સુખ્ય બનાવવારૂપ તેની પ્ર-બલતા છે. આમ ભાવનો ગ્લાનિનો ભાવ વિશેષીને અતને વિશેષ પોષિત બનેછે ને 'રે' શોકોદ્ગારે પ્રકટ થાયછે. ત્રીજાપદમા 'કા' શબ્દમા નિમગ્નો આવછે આમ શમ પુષ્ટ થયે છે. છેકાનુપ્રાસ, લાટાનુપ્રાસ ને અર્થાન્તરન્યાસ અલંકારો પણ છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૧૧.



यदा देवादीनामपि भवति जन्मादि नियतं
 महाहर्म्येष्वाप्ते ललितललनालोकनगमात् ।
तदा कामार्तानां सुगतिरिह संसारजलधौ
 निमग्नानामुच्चै रतिविषयशोकादिनिकरे ॥ ४७ ॥

વસંતી વામામાં શિલષ્ટ ગુભ હર્મ્યસ્થળપરે,
૧ થયે નીચી વૃત્તિ અમર પણ જન્મસ્થિતિ ધરે;
ભવાબ્ધિ જ્યાં પ્રીતિ વિષય મગરાદિ તરવરે,
અરે ત્યાં હુબેલા સ્મરદુખી જનો શું સુગતિ લે? ૪૭

વસંતીવામા—સુંદરઅંગનાથી સ્ત્રી. હર્મ્યસ્થળ—મંદિરની અગાસિ.

तत्र तत्र पर्यायमत्तकामस्य हताश्मनस्त इहैव सर्वे प्रविलीयन्ति कामाः જે પુરૂ વિષયોને ચાહેછે ને તેના ગુણોનું ચિંતવન કરેછે તે માણસ તે કામ્યપદાર્થો સાથે ત્યાં ત્યાં જન્મેછે. પરંતુ જેની કામવાસનાઓ તૃપ્ત થયેલી છે એવા કૃતકૃત્ય જનોની તો આ શરીરમાંજ સર્વ વિષયેચ્છાઓ લય પામે છે. કઠ ઉપનિષદમાં પણ છે કે यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः। अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते જ્યારે એની બુદ્ધિને આશ્રયે રહેલા સર્વે સંકલ્પો નષ્ટ થાય છે ત્યારે તે અમર બને છે ને અહીંઆંજ બ્રહ્મપદ પામે છે.

૧ આવાજ વિચારને મળતો મહા કવિ શેક્સપિયરનો આ વિચાર જુઓ.

... Fling away ambition;
By that sin fell the angels.

નીચીવૃત્તિ—ભોગની ઇચ્છા. રમણદુખી—મદનપીડિત.
સુગતિ—મોક્ષ

વિષયવાસના એજ સંસારમાં ભ્રમણ કરનારી છે. તેનું આમાં કથન છે કે જેઓને મુક્તિ પામવાનું કાર્ય સાધવા કરતાં સુગમ છે એવા અમરો (દેવો) ને પણ મુગ્ધમૃગાક્ષિઓની આગાગિઓમાં સુંદરાંગી સ્ત્રીઓની ભોગેચ્છા થાય તો જન્મ મરણના ચક્રમાં પડવું પડેછે. તો આ મૃત્યુલોકના મનુષ્યો જે ભવસાગરમાં ગાઢ ડુબેલા છે, તેમાં તરવરતા પ્રીતિ ભોગ વગેરે મગરોથી ઘેરાયેલા છે ને સદાકાળ કામવાસનાથી દુઃખી થયેલાછે તે તો મોક્ષ ક્યાંથીજ મેળવી શકે! કામવાસનાથી દેવોની દુર્ગતિ થાયછે તો માનવીની સુગતિ ક્યાંથીજ થાય! નજ થાય એ ભાવ છે.

કામવાસનાની નિસ્સારતા અત્રે આલંબન છે, દેવોની દુર્ગતિ ઉદ્દીપન છે, અને 'અરે' શબ્દે સૂચિત થતો વિષાદનો ભાવ સહકારી થાય છે. વિષયમકરોની તરવરવારૂપ દારૂણતા ત્રાસ નામે ભાવને સૂચવે છે. આવી સામગ્રીથી શાન્તરસ જામે છે. ઉત્તરાર્ધમાં રૂપકાલંકાર છે. શિખરિણી છંદ છે. ૪૭

न मार्गीये ¹चेत क्वचिदपि हितं लोकपदितं
भ्रमद्भोगाकांक्षाकलुषिततया मोहबहुले ।
जगत्यशरण्ये प्रतिपदमनेकापदि सदा
हरिध्याने व्यग्रं भव सकलतापैकदहने ॥ ४८ ॥

અરી ભોગેચ્છાની મલિનમતિ ઓ મૂર્ખ મનડા!
ભવારણ્યે ભૂલ્યો પદપદ વિપત્તિ સહી સદા;
અહા! ના પીછાણ્યું અહિત હિત કર્મો પણ કદા?
હરિ ધ્યેયમાં લાગે દુખદહન તે સર્વભવના. ૪૮

ભોગેચ્છા—વિષયલાલસા. પદપદ—ડગલેડગલે. અહિતકર્મો—નુકશાનકારક હાનિકારી કામો. કદા—ક્યારે. ધ્યેયમાં—લગનીમાં.

૧ મૂળમાં મૂર્ખ પાઠ છે પણ કેવળ વિશેષણ અન્વય બેસતો નહિ હોવાથી વિશેષ્ય ચેતઃ પાઠ રાખેલો છે.

હે કર્મભાગ્ય તું નિત્યપ્રભુના ભક્તિમાર્ગ ભર્યો. ભવસાગરરૂપ અ-
રણ્યના જંગલમાં ફરશે. તેં કર્મને કારણે અનેક દુઃખ વેઠ્યાં, ને તું તમ(મોહ)
માં ભટકશે. અહો પ્રભુ! હજી પણ આ કર્મ અહિતકારી છે ને આ કર્મ
હિતકારી છે તે તું પિછાણતો નથી. માટે હવે ભવભયનાં દુઃખોનું દલન કર-
નાર હરિની શરણીમાં તું લાગ. એમાંજ તારૂં હિત (કલ્યાણ) છે.

અહીં સાંસારિક વિષયોની નિસ્સારતા આલંબન છે. મતિની મલિનતા
અને સંસારની દુઃખમયતા ને પ્રભુની દુઃખભંજકતા ઉદ્દીપનો છે. 'ભર્ય' શબ્દ
માં કથનાનો, 'અહા' શબ્દમાં ગ્લાનિનો અને છેલ્લા પદમાં ઉપદેશનો નિ
નો ભાવ ખીલેલો છે ને આ બધેથી શાન્તરસ જામે છે. આને અલંકાર
કલ્પનામાં નિરંગરૂપકાલંકાર છે. શિખરિણી છંદ છે. ૧૩.

सद्वंशो गुणवानहं सुचरितः श्लाघां करोत्यात्मनो
नीचानां विदधाति च प्रतिदिनं सेवां जनानां द्विजः ।
यो [1]वित्तस्य जिघृक्षया स च कृतो नो लज्जते सज्जना-
ल्लोभान्धस्य नरस्य नो खलु सतां दृष्टं हि लज्जाभयं॥४९॥

'હું સદ્ધર્મી ગુણી કુલીન દ્વિજ' એ પોતે પ્રશંસા કરી,
નિત્યેનિત્ય નીચોની અર્થઅરથે પગે કરે ચાકરી;
લક્ષ્મીલાલચમાં લઘુપણું બની નિર્લજ્જ થૈ તે ફરે,
લેશે લાજ લહે ન સજ્જનનીએ લોભાન્ધ લોકો ખરે.૪૯

અર્થઅરથે—પૈસાની પ્રાપ્તિમાટે. લેશે—જરાપણ.

લોભીલોકો કેવા નિર્લજ્જ હોય છે તેનું આમાં વર્ણન છે. કહેછે કે:
"લોભીબ્રાહ્મણ હું સુધર્મી છું, હું ગુણવાન છું, હું કુલીન બ્રાહ્મણ છું"
આવા પ્રકારની પોતાની પ્રશંસા પોતેજ કરે છે અને પછી પૈસાની પ્રાપ્તિ
માટે નીચોની ચાકરી પણ પ્રતિદિન પગેજ કરે છે વળી લક્ષ્મીની લાલચમાં
લઘુપ થઇ તે નિર્લજ્જ થઇને ફરે છે. અરે! નહી સમજાય છે કે લોભાન્ધ
લોકોને સજ્જનની એ જરા લાજ લાગતી નથી. લોભિયા લોકો લાજ વિના-
નાજ હોય છે એ ભાવ છે.

---

૧ આ રચને ક્રમથી પંચરત્નવ પાઠ લીધો છે પણ તેનો અર્થસંગત
થતી નથી; માટે આમાં વિત્તસ્ય પાઠ લીધો છે.

આમાં લોભાત્મના પ્રતિ અસૂયાનો ભાવ સ્ફુરેલો છે. તેનું આલંબન લોભીજન છે. ઉદ્દીપન આત્મશ્લાઘારૂપ મિથ્યાભિમાનીનું, અર્થઅર્થ નીતિનું દર્શન. તથા તેની નિર્લજ્જતા છે આમ પોતાનો અસૂયાનો ભાવ 'અરે' અંતપદે પ્રકટ થાય છે, ને શમને મદદકારી બને છે. વૃત્યનુપ્રાસ ને અર્થાન્તરન્યાસ અલંકાર છે. શાર્દૂલવિક્રીડિતછંદ છે. ૧૪.

नासं जीर्यति किञ्चिदप्युपचलं नाल्पं स्वकार्योदये
शक्तिश्चंक्रमणे न मन्त जरया जीर्णाक्रियायां तनौ ।
अस्पाकं त्वधुना न लोचनवलं पुत्रेति चिन्ताकुलो
ग्लायत्यर्थपरायणोऽतिकृपणो मिथ्याभिमानी गृही॥२०॥

અરેરા! હા અફસોસ અન્ન અમને કોઈ પચે ના જરા,
શક્તિમાન બન્યાં ન ઔષધ અરે પોતાતણા કાર્યમાં;
નેને ના નિરખાય, હાય! ચરણે આવે રહી ના અહો,
ચિંતા એવી કરીકરી ઝુરીમરે લોભી ગુમાની જનો. ૫૦

આપે—શક્તિ પણ

અરેરા! અફસોસ! વૃદ્ધાવસ્થાથી શરીર નબળું જતાં અમને અન્ન સારે પચતું નથી. ઔષધ પોતાનું કામ કરવા શક્તિમાન થતું નથી. આંખમાં પણ બળ રહ્યું નથી, અને હાથમાં ચાલવાની શક્તિ નથી. એના એ શોચમાં પૈસાજ એકઠા કરવામાં જેણે આયુષ્ય ગાળ્યું છે એવો માખ્ખીચૂસ મિથ્યાભિમાની ગૃહસ્થ ઝુરીઝુરીને મરે છે. અર્થાત્ जीर्यन्ती जीर्यतः केशाः दन्ता जीर्यन्ती जीर्यतः जीवनाशा धनाशा च जीर्यतोऽपि न जीर्यती (જીર્ણ થનારના કેશ અને દાંત જીર્ણ થાય છે, પણ જીવનની ને [1]ધનની આશા તો જીર્ણ થનારની પણ જીર્ણ થતી નથી; ઉલટી તે તો તરુણ થાય છે [1]એ વાત છે

---

[1] જુઓ વૈ શ. શ્લોક ૧૪ મો. वलिभिर्मुखमाक्रान्तं पलितैरंकितं शिरः । गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते. (કરચલિઓથી મુખ છવાયું, પળીઆંથી માથું ધોળું થયું ને ગાત્રો શિથિલ થયાં પણ એક તૃષ્ણા પ્રતિદિન યુવાન થાય છે.)

આમાં લોકપ્રવૃત્તિ વિષયનો ભય અને ખેદ છે. લોભીજન આલંબન છે. તેની અંધતા, નિર્બળતા ને જડતા ઉદ્દીપન છે. વળી પ્રથમ પદમાં જ્ઞાન, ત્રીજામાં વ્યધિ, ચિન્તા દૈન્યના વ્ય. ભાવો છે. આવી સામગ્રીથી ખીજી નિષ્ફળતા લિંગ 'અહો' શબ્દે પ્રદર્શિત થાય છે, ને હૃદયગત નિર્વેદને પોષે છે. 'અમારા' શબ્દનો બહુવચનનો પ્રયોગ લોભીજનનું મિથ્યાભિમાન સૂચવે છે. પ્રસાદ ગુણ ને શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૬૫.



अद्य श्वो वा मरणपतितं[1] प्राणिनां कालपाशै-
राकृष्टानां जगति भवतो नान्यथात्वं कदाचित् ।
पश्यन्नेवं न खलु कुरुते हा तथाप्यर्थलोभं
हित्वा प्राणी हितपथरहितो देवलोकानुकूल्यम् ॥ ९१ ॥

આજે કાલે સકળ જીવને મૃત્યુ મ્હોંમાં જવાનું,
ઉત્પત્તિથી મરણ વિણના અન્ય કાંઇ થવાનું;
તે સૌ જાણે પણ નહિ કરે લક્ષ્મીનો લોભ ત્યાગી,
ઉચ્ચ સ્થાને ગમન કરવા હિતકર્મો અભાગી.

ઉચ્ચસ્થાને – દેવલોક કે બ્રહ્મલોકમાં. હિતવિધિ – સત્કાર્યો.

કાળપાશે વિંટાયેલા જગતમાંના સકળ જીવોને આજે કે કાલે મૃત્યુ મ્હોંમાં જવાનું નક્કી છે, વળી ઉત્પત્તિમાંથી મરણ વિના બીજું કાંઇ નીપજવાનું નથી એ પણ નક્કી છે. આ વાત સૌ જાણે છે છતાં અભાગિયા જનો લક્ષ્મીનો લોભ ત્યજી દેવલોકાદિ ઉચ્ચસ્થાનમાં જવા માટે સત્કાર્યો કરતા નથી એ આશ્ચર્યની વાત છે.

'મૃત્યુમ્હોંમાં જવા' રૂપ નશ્વરતા અત્રે આલંબન છે. વિષાદનો વ્ય. ભાવ મરણના અનન્યથાના વિચારે ઉદય પામે છે ને મન્દાક્રાન્તાના અનુકૂળ લયે પોષાય છે. મૃત્યુનો નિશ્ચય જાણતાં છતાં પ્રાણીની અવિવેકી રીતિ 'અરુચિ' ના ભાવને જન્મ આપે છે ને તે ભાવ પ્રાણીઓને 'અભાગી' કહેવાથી પ્રતીત થાય છે. શ્લોકાન્તમાં મંદ થતો મંદાક્રાન્તાનો સુર

---

૧ મૂળમાં अशिवनाशिनां પદ છે, પણ તેથી બરાબર અન્વય થઇ શકતો નથી જેથી આ પાઠ સ્વીકાર્યો છે.

અનુપ્રાસનું ગમન કરી વિપાકોનો પ્રાદુર્ભાવ કરવો બાકી છે. એથી રાગ પેદા થાય છે. મન્દાક્રાન્તા વૃત્ત છે ૮૧.

रे रे [1]वित्तमदान्धमोहबधिरा [2]मिथ्याभिमानोद्धता
व्यर्थं यं भवतां धनार्जनरतिः संसारकारागृहे ।
बद्धानां निगडेन गात्रममतासंज्ञेन यत्कर्हिचित्
देवब्राह्मणभिक्षुकादिषु धनं स्वप्नेऽपि न व्येति वः ॥८२॥

રે રે વિત્તમદથી અંધ બનિયા, મિથ્યાભિમાને છકયા,
ગાઢા ગાત્રમમત્વબંધથી કસ્યા, સંસારકેદે વસ્યા;
દેવબ્રાહ્મણ ભિક્ષુકે ધન કદિ સ્વપ્નેય ના ખર્ચતા,
આ નિસ્સારભવે સીંચ્યા ધન બધું મિથ્યા અરે જીવડાં ૮૨

ગાત્રમમત્વબંધ—'શરીર મ્હારું છે એવું અજ્ઞાનરૂપી બન્ધન' સીંચ્યા—એકઠું કર્યું.

'આ શરીર મ્હારૂંજ છે' આવા અજ્ઞાનરૂપ બંધને બંધાયેલા, દ્રવ્યના મદથી અંધ બનેલ મિથ્યાભિમાને છકેલા ને સંસારરૂપી કેદમાં પડેલા રે રે ભોળા જીવડાઓ તમે દેવબ્રાહ્મણ કે ભિક્ષુકોને માટે સ્વપ્નમાં પણ ધન ખરચતા નથી ને આ નિસ્સાર ભવમાં કેવળ સંચયજ કર્યા કરો છો તે બધું નકામું છે. પૃથ્વીમાં દટાએલાં સોનાં રૂપાં ને જવાહીર નકામાં છે તેમ તમારું ધન પણ તેવુંજ છે તાત્પર્ય કે દાન કરવું એ દ્રવ્યનો હેતુ છે. સંચય કરવો એ નહિ.

અહીં ધનની અસારતા આલંબન છે. સ્વાભિમાને બળે બંધાયેલા જીવડા ઉપર અસૂયાનો વ્ય. ભાવ તેના દોષ કથનના અનુભાવે સ્પષ્ટ બને

---

1 મૂળમાં चित्त પાઠ છે પણ તે ભૂલ ભરેલો હોવાથી वित्त પાઠ રાખ્યો છે.

2 मिथ्याभिमानोद्धता પાઠમાં સંપાદક 'અસાધુતા' નો દોષ આરોપી मिथ्याभिमानोद्धतता વાપરવાનું સૂચવે છે પણ તે શબ્દ વાપરતાં પણ 'અસુંદરતા' આવે છે માટે મૂળનો પાઠજ કાયમ રાખ્યો છે.

છ. ઉત્તરપદમાં દ્રવ્યની નિસ્સારતા જણાવવા વાપરેલો 'નિષ્ફળ' શબ્દ મતિ-નામના ભાવનું સૂચન કરે છે. આ ભાવ અસૂયાનો ઉપશમ કરી દીન અ-જ્ઞાનીના અજ્ઞાન પ્રતિ દયા ઉપજાવી વિષાદ નામના ભાવનો ઉદય કરે છે. એ વિષાદ 'અરે જીવડા!' ના દીર્ઘોચ્ચારણમાં પ્રતીત થાય છે. આમ અ-સૂયાની મંદતાથી આરંભાતું કથન, વિપર્યય પામી વિષાદની મૃદુતામાં શમે છે ને શમનું પોષણ કરે છે. એ કવિના ભાવોલ્લાસની અદ્ભુત સામગ્રી સૂચવે છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૧૭

---

[1]नाभ्यस्तो धातुवादो न च युवतिवशीकारकः कोऽप्युपायो
नो वा पौराणिकत्वं न सरसकविता नापि नीतिर्न गीतिः।
तस्मादर्थार्जिनां या न भवति भवतश्चातुरी कापि विद्वन्
ज्ञात्वेत्थं चक्रपाणेरनुसर चरणाम्भोजयुग्मं विमुक्त्यै ॥८३॥

સંગીતાદિ ન શીખ્યો, સરસ કવિ બન્યો ના, ન નીતિ નિહાળી
તંત્રો મંત્રો ન જાણ્યા રમણી વશ કરી, ના બન્યો તું પુરાણી,
ધાતુવિદ્યા કળા જે ધન ગ્રહણ તણી લેશમાત્રે ન જાણે,
માટે શાણા! પ્રભુના ચરણકમલમાં લાગી કલ્યાણ માણે. ૮૩

રમણી- સ્ત્રી. ધાતુવિદ્યા-કિમિયો.

સંગીત શાસ્ત્ર, ગાયન વિદ્યા વગેરે તું શીખ્યો નથી, સરસ કવિ બની શૃંગારાદિ રસસ્રાવણી કવિતા બનાવનાર તું થયો નથી, નીતિ શાસ્ત્ર તેં નિરખ્યાં નથી, રમણીને વશ કરનારી મંત્ર કે તંત્ર વિદ્યા તું જાણતો નથી પુરાણો પિછાણ્યાં નથી તેમ કિમિયાની વિદ્યા કે ધનગ્રહણની (ભીખ માગીને કે કોઈ અન્ય કળાએ પૈસો સંપાદન કરવાની) જે કળા છે તે પણ તું જાણતો નથી માટે હે શાણા જન! હવે તું પ્રભુના ચરણ કમલમાં લીન થઈ જીવનની સફળતા કર.

---

[1] મગનાપણા માટે સરખાવો વૈ. શ. नाम्यस्ता भुवि वादिवृन्द-दमनी विद्या विनीतोचिता અને न नटा न विटा न गायका न परद्रोहनि बद्धबुद्धय. આ શ્લોક.

સંસારનાં યત્ કિંચિત્ સુખ ભોગવવાનું એક પણ સાધન પોતાની પાસે ન હોવાથી ઊપજેલો વિષાદ સ્પષ્ટ છે. છેલ્લા પદમાં વિષાદને શમાવનો 'પ્રભુપદકમલે' લાગવારૂપ રતિનો સંચારી ભાવ સ્ફૂરેલો છે. આમ વિષાદ ને રતિ શમના સહકારી બની શાન્તરસ જમાવે છે. પ્રસાદ ગુણ સ્પષ્ટ છે. સ્રગ્ધરાવૃત્ત છે.

अर्थेभ्योऽनर्थजातं भवति तनुभृतां यौवनादिष्वजस्रं
पित्राद्यैरर्जितेभ्योऽनुपकृतिमतिभिः स्वात्मना[1] वार्जितेभ्यः।
यस्माद्दुःखाकरेभ्यस्तमनुसर सदा भद्र लक्ष्मीविलासं
गोपालं गोपकान्ताकुचकलशतटीकुंकुमासंगरंगम् ॥ १४ ॥

સ્વાર્થી લોભી મતિથી વડિલ અગર ત્હેં દ્રવ્ય સંચ્યુ હશે જે,
[2]હાનિ પેલીઝુવાની મહીં અધિક થશે દુઃખખાનિ ધને તે;
તેથી રાસે વિલાસે રમઝટ રમતી ગોપીના કુચ કુંભે,
આલિંગી કુંકુરંગે નિજ ઉર રસતા સેવ તું શ્રીપતિને. ૫૪

વડીલ—પૂર્વજો. ખાનિ—ખાણ રસતા—રંગતા. શ્રીપતિ—લક્ષ્મીનાથ.

કેવળ સ્વાર્થમય લોભીમતિથી ત્હારા પૂર્વજોએ અને ત્હેં જે કાંઈ દ્રવ્ય સંચ્યુ હશે તેનું રક્ષણ કરતા, વ્યય કરતા કે વૃદ્ધિ કરતાં ઉપજતા ત્રાસ ચિંતા, ભ્રાન્તિ, દોગાઇ, દાંભિકતા, મદ, કામ, ક્રોધ, કપટ, અવિશ્વાસ, વેર, વ્યસન વગેરે અનેક દુર્ગુણોથી હે ભાઇ! તે દ્રવ્ય તને આ લોકમાં પરિતાપ કરાવનારું ને મરણ પછી નરકે લઇ જનારું થશે. માટે હે ભાઇ! આવા અનર્થકારી દ્રવ્યને ત્યજી વૃન્દાવનવિપિને રાસકેલિમાં રમઝટ રમતી ગોપીઓના કુચકુંભમને આલિંગન કરી કેસરને રંગે પોતાનું હૃદયકમળ રંગતા રમાકાન્તને ભજ. ધનૈષણા છોડી ધ્યાનમગ્ન થા.

---

૧ મૂળમાં स्वात्मनैव પાઠ હતો પણ તે અસંગત હોવાથી स्वात्मना वा પાઠ લીધો છે.

૨ દ્રવ્યથી થતિ હાનિ માટે વિદ્યારણ્ય મુનિનો આ શ્લોક જુઓ.

अर्थानामर्जने क्लेश स्तथैव परिपालने ।
नाशे दुःखं व्यये दुःखं धिगर्थान् क्लेशकारिणः ॥

પૂર્વાર્ધમાં દ્રવ્યની નિસ્સારતા શમનું આલંબન છે. ઉત્તરાર્ધમાં ઇશ્વર વિષયે રતિનો સંચારી ભાવ છે. શ્રીકૃષ્ણ તેનું આલંબન છે. ને તેમનો વિલાસ તથા હૃદયરાગ ઉદ્દીપન છે. 'રંગે નિજ ઉર રસત્યા' કથવામાં ભક્તોની ભક્તિ માટે પોતાના હૃદયમાં અનુરાગ ભરેલો છે. એમ કથવાનો આશય જણાય છે. આખા શ્લોકનું તાત્પર્ય એવું પણ સમજાય કે લક્ષ્મીનું શરણ સેવવા કરતાં લક્ષ્મીપતિનું શરણ સેવવું શ્રેયસ્કર છે. માધુર્યનો ગુણ ને અપ્રસ્તુત છે. ૧૯.

मायत्तार्किकतान्त्रिकद्विरदघटासंघट्टपञ्चानन-
स्त्वद्दक्षकृतान्त¹ वैद्यककलाकल्पोऽपि निष्किंचनः ।
यत्र क्वापि ²धनाशया कृशतनुर्भूपालसेवापरो
जीवन्नेव मृतायते किमपरं संसारदुःसागरे ॥ ५५ ॥

કલ્પદ્રુમ કલાતણા, મહભર્યા જ્યોતિષિ ધન્વંતરી,
તંત્રે તંત્ર પ્રવીણ, તાર્કિકમહીં નૈયાયિકે કેશરી;
તે સૌ' દ્રવ્યની આશથી કૃશ થઇ સેવેછ ભૂપાલને,
જીવે મૃત્યુસમાન એજ ગતિ હા સંસારને સાગરે. ૫૫

કલ્પદ્રુમ—મનવાંછિત ફળ આપનાર સ્વર્ગનું એક વૃક્ષ.

સંસારમાં નિષ્કંચનોને પણ સેવાપર થવું પડે છે ને નિદાણી આમાં શોચ કરેલો છે. કહે છે કે: કલાઓના તો જાણે કલ્પવૃક્ષો, જ્ઞાનમહત્વાળા જ્યોતિષિઓ ધન્વંતરી જેવા વૈદ્યરાજો. અનંત મંત્ર તંત્ર જાણનારા માંત્રિકો ને તાંત્રિકો, ને વિવિધતર્ક કરનારા ન્યાયશાસ્ત્રના ધુરંધરો પણ દ્રવ્યની લાલચે રાજાના કૃપાપાત્ર થવાસાર અંગમથી સેવા કરે છે ને હાજી હાજી કરી મૃત્યુ સમુ પરવશ જીવતર ગાળે છે. અરેરે સંસાર સાગરમાં શું સર્વેની આવીજ દશા છે!

---

૧ મૂળમાં ક્ષ્દન્ત તથા ધિનાશયા પાઠ છે, અને સંપાદકે તે પાઠોજ સ્વીકારી વિવેચન કરેલું છે, પણ તેથી અર્થ સંગતિ થતી નથી અને બીજા ચરણમાં 'અકિંચન' રહે છે; જેથી કૃતાન્ત અને ધનાશયા પાઠ સ્વીકાર્યાં છે.

આમાં વર્ણવેલો નિર્વેદ અકથ અમર કરાવનો ભામે છે. પરાધીનતાની પીડા એ નિર્વેદનું આલંબન છે. કલાવાન તથા વિદ્વાનને પણ 'હા વાપુ હા' આવા દીન ઉચ્ચાર કરી મોતથી ભૂંડું જીવતર ગળવું એ ઉદ્દીપન છે. કૃશ થવારૂપ અનુભાવે ગ્લાનિના ભાવ જણાય છે. " સંસાર સાગરે હા મરી આવીજ ગતિ " આ તત્ત્વોથી વિષાદનો ભાવ હૃદયમાં છપાય છે. આવા સહકારી ભાવે પોતાનો નિર્વેદ સંસાર પ્રતિ અરૂચિ ઉપજાવે છે. શાર્દૂલ વિક્રીડિત છંદ છે. ૭૦

जगाम व्यर्थं मे बहुदिनमथार्थार्थि, तनयाः[1]
कुभूमिपालानां निकटमतिदोषाकुलमनेः ।
हरिध्यानव्यग्रं भवितुमधुना वाञ्छति मनः
क्वचिद्गंगातीरे तरुणतुलसीसौरभभरे ॥ ५१ ॥

કુભૂપોની પાસે વસી મલિન બુદ્ધિ કરી અહા!
વસુવાંછાથી હા! જીવતર ગુમાવ્યું બહુ વૃથા;
ચહું હાવાં પુત્રો! તુલસી સુરભિથી મહકતા,
મૃદુ ગંગાતીરે હરિ લગનીમાં લીન બનવા. ૫૬

વસુવાંછાથી ધનની લાલચથી. કુભૂપો—નઠારા નૃપો.

ધનની લાલસાનો આમાં તિરસ્કાર છે. રાજ દ્વારમાં રહેવાથી ઘણી લક્ષ્મી મેળવી શકાય છે એવી વાંછાથી મ્હેં બુદ્ધિને મલિન કરી, અને નઠારા નૃપો પાસે ઘણો કાળ ગુમાવ્યો! અરે તે પ્રયત્નોને ધિક્કાર છે. પુત્રો! હવે તો મ્હારે માત્ર એટલીજ ઇચ્છા છે કે તુલસીની સુગંધે મ્હેક મ્હેક થતા સુંદર ગંગાજીના તીરમાં વસી હરિની લગ્નીમાં તલ્લીન થાઉં. આથી બીજી કાંઇ ઇચ્છા નથી.

દ્રવ્યની અસારતા અહીં આલંબન છે. ગતજીવનમાં કરેલી અસાર વસુવાંછના 'હા' અવ્યયે વિષાદ પ્રગટાવે છે. વળી તે વિષાદનો વ્ય. ભાવ, બુદ્ધિને મલિન કરવારૂપ પૂર્વકાળની સ્મૃતિને ગ્લાન કરતાં સ્મૃતિનો વ્ય૰

---

[1] મૂળમાં અથાર્થાર્થિતનયા પાઠ છે પણ તે સ્થળે અર્થાર્થિ તનયાઃ પાઠ લેવો ઠીક લાગ્યો છે; કારણ એવી વ્યાકરણ દોષ મટે છે.

ભાવ ઉદય થાય છે વળી આ બે ભાવોનો સંગમ જરા સમય માટે નદી જીવનને ધિક્કારરૂપ હોવાથી પ્રતીત થતા વૈરાગ્ય નામના ભાવનો પ્રાદુર્ભાવ કરે છે. પછી તે ત્રણે ભાવોનો સંગમ, ચોમાસાની પ્રબલ નદી જેમ વેગ ધીમો પડતાં ને કાંપ ઠરી જતાં, છેલ્લે સ્વચ્છ સલિલના પ્રવાહને વહેવરાવે છે, તેમ આ શ્લોકના ઉત્તરાર્ધમાં 'હારાં' શબ્દે ક્રમ, 'હરિભગતીમાં લીન બનવા' રૂપે ઐત્સુક્ય ને 'મૃદુગંગાતીરે' કથવા રૂપ તીર્થસ્થાન પ્રતિ રતિ નામના સ્વચ્છ, સુંદર, ત્રિવેણીના ત્રણ પ્રવાહ જેવા ભાવો વહાવી, અતિ આહ્લાદ ઉપજાવે છે. અને તે આહ્લાદમાં ઉત્તરાર્ધમાં આવેલો માધુર્યનામનો ગુણ પણ વિશેષ માધુર્ય આપે છે. આમ અતિ ચારુતર શાન્તરસનો જમાવ થય છે. ભાવોદય અને ભાવસન્ધિના અલંકારો પણ છે (શિખરિણીછંદછે. ૨૧

अम्बाशाय सदा रटन्ति पृथुकाः [1]क्षुत्क्षामकण्ठास्त्रियो
 वासोभी रहिता बहिर्व्यवहृतौ निर्यान्ति नो लज्जया ।
गेहाद्अंगणमार्जनेऽपि गृहिणी यस्येति दुर्जीवितं
 यद्यप्यस्ति तथापि नस्य विरतिर्नोदेति चित्रं गृहे ॥ ५७॥

'બાબોરે' કહીં બાળુડાં ટળવળે, દુઃખી ભૂખે કામણી,
 લજ્જાથી ફળીં વાળવાય ન જતી વસ્ત્રેહિણી કામિની;
આવું દુઃખભરિત જીવિત જીવે તો યે અરેરે અતિ,
 સંસારે વિરતિ રતિ ય ન થતી આહો! વિધિની ગતિ!! ૫૭

બ.બો—રોટલાનો ટૂકડો. કામણી—કૃશ થએલી. વિરતિ—અરુચિ બાપુ! મ્હને બ.બો આ, મ્હને તાતો! આવું કાલું કાલું બોલતાં બાળકાં અન્નનાં ધાન વિના ટળવળતાં હોય! વળી ભૂખના દુઃખે દૂબળી થએલી સ્ત્રી, શરીર ઢાંકવાને ચીંથરાં પણ ન મળવાથી શરમને લીધે ફળિયું વાળવા પણ ઘર બ્હાર નીકળી શકતી ન હોય, અને ઘરની ચાર ભીંતોજ ઓઢી ઘરમાં બેસી રહેતી હોય! તાત્પર્ય કે ઘરમાં ન ખાવા ને ન ઓઢવા. આવું અતિ દુઃખ ભરેલું જીવતર જીવનો હોય છતાં તે જનને સંસાર ઉપર લગારે

---

[1] આવા જ શબ્દ પ્રયોગ માટે જુઓ ની. શ. શ્લો. ૨૯ મો. क्षुत्क्षामोऽपि जराकृशोऽपि तथा वै. श. १८ मो. क्षुधाक्षामो जीर्णः

નિરસ્કાર આવતો નથી એ મહા આશ્ચર્યની વાત છે. અહો! **विधिविचित्राणि विचेष्टितानि** વિધિની ગતિની પણ કાંઇ વિચિત્રતા!

આ શ્લોકમાં તો મહાકવિએ હદજ વાળી છે. ગુજરાતી આદિકવિ નરસિંહ અતિ દારિદ્ર્યનું જે ચિત્ર આપે છે, તેથી વિશેષ વિષમ ચિત્ર અહીં છે. કવિ નરસિંહ ગાય છે કે; "ઘેર બાળક સહુ દુઃખ પામે બહુ, અન્ન ને વસ્ત્રથી રહે છે ઊણા" અહીં ઊણાં તો શું પણ તે વિનાનાંજ 'બાપો' 'બાપો' કરી ટળવળતાં બચ્ચાં ને વસ્ત્ર વિના ઘરમાંજ બેસી રહેતી સ્ત્રી દૈન્યની પરિસીમા છે. આવું નિરાશ્રીનપણું જોતાં ઉપજતી દયા, 'અરેરે' શબ્દે નિર્વેદને જન્મ આપે છે. વળી દુઃખની પરંપરા છતાં સંસાર ઉપર વિરતિ ન થવાથી 'અહો' શબ્દે વિસ્મયનો ભાવ ખુલે છે આ દૈન્ય, નિર્વેદ ને વિસ્મય શાન્તરસનું મધુર આસ્વાદન કરાવે છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૨૨

हिक्काकासभगंदरोदरमहामेदज्वरैराकुलः
श्लेष्माद्यैरपि निद्रया विरहितो मन्दानलोऽल्पाशनः[1] ।
तारुण्येऽपि विलोक्यते बहुविधो जीवो दरिद्रेश्वरो
हा कष्टं कथमीदृशं भगवतः संसारदुःसागरे ॥ ५८ ॥

મ્હોંયે લાળ ગળે, ગળે પરુ ઝરે, વ્હેતી ભુંડી નાસિકા,
ખોં ખોં ખોં કરતા, જળોદર વધ્યા, ન્હાનીવયે રોગિયા;
દેખું વ્યાકુળ રંકલોક ઉદરે નાંખ્યું ય તે પામતા,
રે રે ઈશ! ભવાબ્ધિ આમ અતિશે દુઃખેજ પૂર્યો ભલા! ૫૮

જળોદર—પેટ વધે એવો એક રોગ.

યુવય (બાળપણ કે ભરજુવાની) માંજ અનેક ભયંકર રોગવાળા, મ્હોંમાંથી ગંદીગોબરી લાળ પાડતા, ગળાનાં ગડગુંબડાંમાંથી પરુ (પાસ) ગળતા, ભૂંડાં મ્હોટાં નસકોરાંમાંથી લીંટ ને ઘોળાં પાણી ઝરાવતા, ખોં ખોં કરી દુર્ગંધીવાળા ઘોળા ને પીળા બળખા કાઢતા અને જળોદરનો રોગ થવાથી મ્હોટાં હાંડલાં જેવડાં ટોવરાં (પેટ) ફેરવતા ઘણા રંકલોકો ભિખા-

---

૧ અહીં મૂળમાં અલ્પાશનઃ પાઠ લખાએલો તે ભર્તૃહરિ ઉપર પ્રમાણે લખેલો છે. પૃ० ૪૦ વ०

રા વિગ્રહે આકુલવ્યાકુલ દેખાય છે. અરેરે તેમને પેટ પૂરવાને પૈસ કે રાબડી પણ મળતી નથી ને વખતે મળી તો વિષમરોગની વેદનાએ ઉકળી થઈ પાછી નીકળી જાય છે; જે જોતાં અમને પણ સૂગ અને કંપારી થાય છે રે પ્રભુ! રે ભલા ભગવાન્! આ સંસારસાગર હેં આવાં આવાં દુઃખો-થીજ શાં ભર્યો છે!

આ શ્લોકમાં જુગુપ્સાનો સંચારી ભાવ આવેલો છે. રોગે ગંધાતા જંતો તેનું આલંબન છે દુર્ગંધીવાળાં લાળ, લીટ, પરુ ને ખગાખા ઉદ્દીપન છે. ઉપરસ, વમન વગેરે અનુભાવો છે. વળી સહકારી ભાવનો વ્યાધિનો વ્ય. ભાવ સ્પષ્ટજ છે. આમ જાગનો જુગુપ્સાનો ભાવ. 'અરેરે' શબ્દ વિષાદને અને 'ભલા' શબ્દ ગ્લાનિને જન્મ આપે છે. આમ જુગુપ્સા, વિષાદ ને ગ્લાનિથી નિર્વેદ પેદાય છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૨૩.

आरभ्य गर्भवसतिं मरणावसानं
यद्यस्ति जीवितुमहेप्यनेककालम् ।
जन्तोस्तथापि न सुखं सुखविभ्रमोऽयं
यद्वालया रतिरनेकविभूतिभाजः ॥ ५९ ॥

ભાગ્યાધીને કદિક દીર્ઘજીવિત મ્હાલે,
ગર્ભેથી મૃત્યુ સુધી તોય ન સુખ ભાળે;
નારી તણી રતિ વિષે સુખ લાગતું જે,
ભ્રાન્તિ પ્રમાણ જીરહ! ભવબંધ છે તે. ૫૯

ભાગ્યાધીને- નશીબ જોગે. રતિ-પ્રીતિ, ભોગવિલાસ.
ભવ-સંસાર.

નશીબ જોગે કદાપિ લાંબુ જીવતર ભોગવે તોપણ જન્મકાળથી તે મૃત્યુ સુધી કોઇ માણસને કાંઇ સુખ મળવાનું નથી; અહીં તો દુઃખ દુઃખ ને દુઃખજ છે. વળી નારીની પ્રીતિમાં તથા વિલાસસામગ્રીમાં જે સુખ લાગે છે તે સુખ નહિ પણ અવિદ્યા જનિત ભ્રાન્તિ છે. નારીની પ્રીતિ તો સંસારના જન્મ મરણના ચક્રમાં ભમાવનાર ને દુઃખજ ઉપજાવનાર છે, એમ સમજ.

સંસારની નિસ્સારતા અત્રે આલંબન છે. નારીની રતિને મુખ્યરૂપ માનવામાં મોહનો ને મોહ નિવારણ કથનમાં મતિનો સહચારી ભાવ છે. આથી નિર્વેદ પોષાય છે. વસન્તતિલકા છંદ છે. ૨૪.

सन्त्यर्था मम सञ्चिता श्च बहुधाः पित्रादिभिः साम्प्रतं
वाणिज्यैः कृषिभिः कलाभिरपि तान्विस्तारयिष्यामि वः ।
हे पुत्रा इति भावयन्ननुदिनं संसारपाशावलीं
[1]छेत्तायं नु कथं मनोरथमयीं जीवो निरालम्बनः ॥ १० ॥

" વ્હાલા વત્સ! વિવિધ રિદ્ધિ કરી છે દાદે અને મ્હેં હવે,
ત્હારા સારૂ વિવિધ વૃદ્ધિ કરીશું વ્યાપાર ને હુન્નરે; "
એવા ઘાટ સદા ઉરે ઘડી ઘડી આધાર હીણા અરે!
ચિત્તે કલ્પિત આશ-પાશ અહહા! ક્યાંથી જીવો છેદશે! ૬૦

આશ-પાશ= આશારૂપી બંધન.

" મ્હારા વ્હાલા પુત્ર' આપણા દાદાએ અને મ્હેં આભૂષણો, મ્હોરો, વાડી, વજીફા વગેરે વિવિધ પ્રકારની સંપત્તિ ભેગી કરેલી છે. વળી હવે ત્હારાસારૂ વેપાર કે અદ્ભુત હુન્નર કરીને તેની ઘણી વૃદ્ધિ કરશું. લાખ મેળવ્યા છે ને બે લાખ મેળવશું. ' આવા આવા નાશવંત વસ્તુના ઘાટ ઘડવામાં માણસો સદા મશગૂલ રહે છે. અરે રે! સત્ય વસ્તુના આધાર વિનાના બિચારા તે જીવો સ્વકલ્પિત મિથ્યા આશાબંધનો ક્યાંથી છેદી શકશે! સંસારના બંધન માંથી ક્યારે મુક્ત થશે?! નહિજ થાય. મિથ્યા વસ્તુના અભિલાષીને મોક્ષ કદિ મળવાનો નથી એ ભાવ છે.

પૂર્વાર્ધમાં જીવના મોહનો ભાવ સ્પષ્ટ છે. આથી ઉપજતો દયાનો ભાવ ત્રીજા પદના ' અરે ' શબ્દે જણાય છે. છેલ્લા ચરણમાં વિષાદ ને વિતર્કના ભાવો પણ ભૂલેલા છે. આમ શમ પુષ્ટ થાય છે. શાર્દૂલવિક્રીડિત છંદ છે. ૨૫.

1 મૂળમાં તે પાઠ છે, તે કરતાં આ પાઠ વધારે સારો લાગે છે.

माता मृता जनपितापि जगाम दीर्घं
लोकान्तरं तत्र कलत्रसुतादयोऽपि ।
भ्रातस्तथापि न जहासि मृषाभिमानं
दुःखात्मके वपुषि [1]मूत्रकुदर्पकूपे ॥ ६१ ॥

માતા મુઆં, વળી પિતા પણ સદ્ય ચાલ્યા,
લોકાન્તરે જઇ પડ્યાં પ્રિય પુત્ર બાલા;
હે ભ્રાત! દુઃખમય મૂત્રભર્યા વપુનું,
મિથ્યાભિમાન તદપિ કયમ ના તજે તું. ૬૧

લોકાન્તરે-અન્યલોકમાં તદપિ-તોપણ.

માતા મરી ગઇ, તાત ગોત્ર જોતાંમાં ગયા ને વ્હાલાં પુત્ર પુત્રીઓ પણ ગયાં કે નજરે કોણ જાણે ક્યાં જઇ પડ્યાં. આટલું બધું થયું તેમ છતાં હે ભાઇ! દુઃખે ભરેલા અને દુર્ગંધીવાળાં મળ, મૂત્ર, માંસ મજ્જા, અસ્થિ ને ચામડીથી બનાવેલા આ નાશવન્ત શરીરની ત્હારાથી કેમ મમતા છોડાતી નથી? મમતાનો હેતુ ન છતાં પણ તું નશ્વર દેહમાં મમતા રાખે છે એ મહા આશ્ચર્યની વાત છે.

પ્રથમ પદમાં પ્રિયવસ્તુની નશ્વરતા આલંબન છે. તેથી ઉપજેલો નિરાશાનો વ્ય. ભાવ 'સદ્ય ચાલ્યા' ના દીર્ઘોચ્ચારણમાં ભાસે છે. બીજા પદમાં 'પ્રિય પુત્ર બાલા' ના દીર્ઘોચ્ચારણથી દૈન્યનો ભાવ જાગ્રત થાય છે. શ્રોતાના આવા અસહ્ય દુઃખોથી તેપર થતી દયામય રતિ 'હે ભ્રાત' એ કોમળ શબ્દે સૂચે છે. 'મૂત્રભર્યા' કહેવામાં જુગુપ્સાનો વ્ય. ભાવ છે. આ બધા ભાવે ઉદ્ભવતો ગ્લાનિ સંમિશ્ર નિર્વેદ ચોથા પદમાં પૂછેલા પ્રશ્નમાં પ્રતીત થાય છે. આવા અન્ય સહકારી ભાવોથી પોતાનો અને સર્વને પોતામાં મેળવી લેતો સ્વસંવેદ્ય અખંડ સ્વરૂપી શાન્તરસ આસ્વાદન કરાય છે. વસંતતિલકા છંદ છે. ૨૬.

---

[1] मूत्रपुरीषकूपे પાઠ હોય તો અર્થસંગતિ સારી થાય.

कामव्याघ्रे कुमतिफणिनि स्वान्तदुर्वारनीडे
मायाविद्री विहरणरते लोभभल्लूकभीमे ।
जन्मारण्ये न भवति रतिः सज्जनानां कदाचित्
तत्त्वज्ञानां विमलमतिना [illegible] ॥ ९७ ॥

જન્મારણ્યે રતિ ધરી નથી સજ્જન જ્ઞાનિયોની,
[illegible] કુમતી [illegible] ભમન્તી;
સ્થાન સ્થાને વિષયવિષના [illegible] વ્યાપ્યા,
[illegible] ચિત્તવૃત્તમાં મુખ્ય લોભ રીંછ. ૧૨

[illegible]—[illegible] ચિત્રવૃત્ત—મનરૂપી [illegible]

[illegible] પ્રાપ્તિ [illegible] નથી [illegible] બને છે. [illegible]

[illegible] છે. [illegible]

[illegible]
[illegible] ।

[illegible]

[illegible] ।
[illegible] ॥
[illegible] ।

यत्तत्कण्ठगतो विवेकरहितास्तीर्थार्थिनो दुःखिता

यान्त्यद्रीनटन्ति जलधौ मज्जन्ति दुःखाकरे ॥ ६३ ॥

પાસેના નિજના પ્રસિદ્ધ નવલાજ્ઞાનામૃતેથી ભર્યા

મુનિસેવિત સેવ્ય માનસસરે મુર્ખ દ્વિજો ન્હાય ના

આહા દુઃખ! વિવેક હીન જીવડા તે અન્યતીર્થો ચહે

દુઃખી થૈ વગડે ભમે દુખભર્યા કે સાગરે જૈ શમે.

માનસસર—મનરૂપી સરોવર કે માનસરોવર.

મૂર્ખ દ્વિજો પોતાના, પાસે રહેલા, મહાવિખ્યાત, નવીનજ્ઞાનરૂપી અમૃતથી ભરેલા ને વસિષ્ઠાદિ મુનિઓથી પણ સેવાયલા પૂજ્ય માનસસરે (મનરૂપી સરોવરે કે માનસરોવરે) ન્હાતા નથી; પરંતુ વિચારવિનાના તે પામરજીવો અન્યતીર્થોની અભિલાષા કરી દુઃખી થઇ વગડામાં ભમે છે અને પછી દુઃખભરેલા સંસારરૂપી સાગરમાં જઇને બૂડે છે. અહો! કેવો દુઃખનો વિષય છે? શાન્તચિત્તે ધ્યાનનિમગ્ન ન થતાં બંધકારી કર્મમાર્ગમાં પડવું એ મ્હોટી મુર્ખાઇ છે એ ભાવ.

સંસારની દુઃખમયતા અત્રે આલંબન છે. આત્મચિંતન, જ્ઞાનામૃત વગેરે ઉદ્દીપનો છે. આત્મચિંતન ન કરતાં ભ્રમણભ્રમ વ્હોરનારા જનને નિહાળી થતી ગ્લાનિ, દૈન્ય વગેરે શમને પોષનારા ભાવો છે. 'માનસસર' શબ્દ દ્વિઅર્થી હોતાં શ્લેષાલંકાર છે. શાર્દૂલવિક્રીડિત વૃત્ત છે. ૨૮.

त्वत्साक्षिकं सकलमेतदवोचमित्थं

भ्रातर्विचार्य भवता करणीयमिष्टम् ।

येनेदृशं न भविता भवतोऽपि कष्टं

शोकाकुलस्य भवसागरमग्नमूर्तेः ॥ ६४ ॥

સર્વસ્થળે જગહુળે તું જ નિર્વિકારી.

સૌ ઇષ્ટકાર્ય કરજે પ્રિય! તું વિચારી;

આવું અસહ્ય દુખ થાય ન તેથી ક્યારે,

સંસારસાગર દુખાકુળ બન્યુ ત્યારે; ૬૪

ઇષ્ટ-ઇચ્છેલું. દુખાકુળ-દુઃખે ગભરાયેલા.

क्रियात्मानः संभवति । अन्याश्रयायास्तु क्रियाया आत्मपरता-ऽनयात्मा संस्क्रियते ॥ ब्रह्मभावश्च मोक्षः तस्मान्न संस्कार्योऽपि मोक्षः । अतोऽन्यन्मोक्षं प्रतिक्रियानुप्रवेशद्वारं न शक्यं केनचिद्दर्शयितुम् । तस्माज्ज्ञानमेकं मुक्त्वा क्रियाया गन्धमात्रस्यानुप्रवेश इह नोपपद्यते ।

જેમ ધમવાની ક્રિયાએ શુદ્ધ કરેલા અગ્નિમાં તેજસ્વીપણાનો ધર્મ થાય છે તેમ આત્મામાં પણ કર્મથી શુદ્ધિ થાય છે એમ કહેવું યોગ્ય નથી. કેમકે ક્રિયાનું આશ્રયસ્થાન આત્મા કહી શકાતો નથી. કારણ ક્રિયા જેને આશ્રયે રહે છે તેને વિકાર પમાડ્યા વિના ક્રિયાનું ક્રિયારૂપત્વ થતું નથી, માટે જો આત્મા, ક્રિયાથી વિકારી થાય તો તેનું અનિત્યત્વ થાય ને "આ આત્મા અવિકારી છે." એ શ્રુતિવાક્યને બાધ આવે, માટે આત્માને આ-શ્રિત એવી ક્રિયાજ સંભવતી નથી. બ્રહ્મભાવજ મોક્ષ છે, તેથી "મોક્ષ સંસ્કાર કરવા યોગ્ય નથી. આથી મોક્ષમાં ક્રિયાનો પ્રવેશ થવાનું દ્વાર દેખાડવા કોઈ શક્તિમાન નથી માટે (મોક્ષ મેળવવામાં) કેવળ જ્ઞાનવિના ક્રિયાના ગંધમાત્રનો પણ સંભવ નથી.] આ મતને અનુસરતો અર્થજ મહાકવિને ઇષ્ટ હોવાથી તેમણે ઉક્ત શ્લોકમાં કર્મની યોગ્યાયોગ્યતા (કર્તવ્યતા) વિચારવાનું લખેલું છે. અને તે માટે સંપાદક લખે છે તેમ इदं करणीयं નો અર્થ 'તું પોતાને જાણ' એ ઇષ્ટ છે.

બીજાપદમાં વિચારીને કર્તવ્ય કરવારૂપ ધૈર્યનામના અનુભાવથી, વેદવચન પ્રમાણે કરેલા નિશ્ચયે મતિ નામના વ્ય. ભાવથી, સંસાર સાગરમાં ડુબતા જનની અક્ષમતાના દર્શને પ્રકટતા તે શ્લોકાંતમાં દીર્ઘસ્વરે પ્રતીત થતા દૈન્યથી અને પરબ્રહ્મચિંતને આશ્યાથી જામતા રતિભાવથી આ શ્લોકમાં શમ પોષાય છે. વસંતતિલકા છંદ છે. ૨૯.

यत्नीत्यर्थमनेकधाऽऽलभि[1] मया कष्टेन वस्तु प्रियं
स्तस्याशाकवलीकृतेन चीकलीभावं स्थानेन मे ।

---

૧ મૂળમાં अनेकधागमि પાઠ છે.

तत्सर्वं त्रिलयं निनाय भगवान् यो लीलया निर्जरो
मां हित्वा जरयाकुलीकृततनुं कालाय तस्मै [1]नमः ॥६५॥

કામેકામ અનેક કષ્ટ સહીને સંતોષ અર્થે અરે !
વ્હાલી વસ્તુ હું વ્યાકુળો બનીબની સંપાદતો જે અરે !
તે સર્વે મુજને જરાકુળ કરી જોઈ લીલામાં હર્યું,
તે તે નિર્જર મસ્ત કાળ ! તુજને હાહા નમું, હા નમું. ૬૫

સંપાદનો-મેળવનો. જરાકુળ-વૃદ્ધાવસ્થાથી બેબાકુલ. લીલા-જોતજોતાં. નિર્જર-વૃદ્ધાવસ્થા રહિત.

આમાં કાળની પ્રબળતા વર્ણી છે. જેકે, વિષયવાસનાની પરવશતામાં વ્યાકુળ બનીને જે સંતુષ્ટતા વાસ્તે મ્હને રૂચતી સ્ત્રીઓ, સુત, સંપત્તિ વગેરે વસ્તુઓ મેળવી હતી, અરે ! અનેક કષ્ટ સહીને સ્થળે સ્થળે સંપાદન કરી હતી, પરંતુ મ્હને વૃદ્ધાવસ્થાના અનંત દુઃખે બેબાકુળો અને મને દુઃખનો દશા બનાવી જોઈ જોતજોતામાં સર્વે વસ્તુનો નાશ કર્યો એવા હે મદમસ્ત અજર અમર કાળ! હા યમરાજ! તને તો વારંવાર નમન કરૂં છું.

અત્રે નિર્વેદનો વ્ય. ભાવ પરિપોષિત થયેલો છે, વ્હાલીવસ્તુનો નાશ તેનું આલંબન છે ને મેળવવા પોતે સહન કરેલાં કષ્ટો, પોતે ધરેલી વ્યાકુળતા અને તેમ છતા થયેલી તે બધાની નિરર્થકતા ઉદ્દીપન છે, આમ પોતાના નિર્વેદને પહેલાપદમાં પ્રવર્તેલો સ્મૃતિભાવ, સહકારી બનેછે, જરાકુળ કરવાની ક્રિયાએ ઉપજતો દૈન્યનો ભાવ નમનકરવા રૂપ અનુભાવે પ્રતીત થાયછે. તે દૈન્ય તથા 'હા નમું' શબ્દની પુનરુક્તિથી પ્રકટ થતો વિષાદ પણ આ સ્મૃતિભાવ સાથે ગંઠાઈ નિર્વેદને પુષ્ટ બનાવેછે ને શુદ્ધસ્વચ્છ શાન્તરસ જમાવેછે. શાર્દૂલવિક્રીડિત વૃત્ત છે. ૩૨



१ સરખાવો પાછળનો ૬૬ મો તથા વૈ. શ. નો આ શ્લોક. भाग्यः कष्टमहो महान्स नृपतिः सामन्तचक्रं च तत्पार्श्वे तस्य च सापि राजपरिषत्ताश्चन्द्रबिम्बाननाः। उद्रिक्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः सर्वं यस्य वशादगात्स्मृतिपदं कालाय तस्मै नमः

आयुर्वेदविदो रसायनवतो पथ्याशिनो यत्नतो
 वैद्यानामपि रोगजन्य' वपुषो यन्नर्दनो दृश्यते।
दुःखोत्कवलीकृतत्रिभुवनो लीलाविहारस्थितः
 सर्वोपायविनाशनैकचतुरः कालाय तस्मै नमः ॥६६॥

પાળે પથ્ય પ્રયત્નથી રસ સદા સેવંત ધન્વન્તરી,
 આયુર્વેદવિદાય રોગી બનીને જાયે અરેરે મરી:
ઓહો ભીષણકાળ! આ ત્રિભુવનો છે તાહરો કોળિયો!
 સ્હેજે સર્વઉપાય લોપ કરતા તુંને નમો રે નમો!! ૬૬

પથ્ય—હિતકારી ખાનપાન. રસ—પારો, ઔષધનું સત્વ.
આયુર્વેદવિદ—વૈદ્યશાસ્ત્ર જાણનારા.

પ્રયત્ને હિતકારી ખાનપાન લેનારા, રસનું સદા સેવન કરનારા ને વૈદ્યશાસ્ત્રમાં સાંગોપાંગ નિપુણ, ધન્વન્તરી જેવાને શરીરે પણ, રોગનો જન્મ થયા છે ને તે પણ મરી જાય છે. પોતાની દાઢમાં ત્રૈલોક્યના મનુષ્યોના [illegible] વિશ્રામ કરનારા ને ત્રણે ભુવનોને એક કોળિયા પ્રમાણે [illegible] કરનારા હે મહાભીષણ યમરાજ! તમને તો સદા નમોનમો!!

પૂર્વશ્લોક કરતા આમાં [illegible] છે. નિત્ય [illegible] રહેનારા તથા ધન્વન્તરી જેવાના મૃત્યુથી ઉપજેલો નિર્વેદ 'અરેરે' શબ્દે સ્પષ્ટ છે. પ્રમત્ત કાળની 'ઓહો' શબ્દે સ્પષ્ટ થતી [illegible] ને તે નમન [illegible] અનુસાર પૂર્ણ [illegible] નિર્વેદ અને દૈન્યે શમ પોષાય છે. મ.કુ. [illegible] ૬૬.

"दृष्टं मायः विकल्पमयमिदं [illegible] विश्वं
 [illegible] रसायनकारम् ।

૧ [illegible] છે તેને સ્થાને ઉપર પ્રમાણે [illegible] છે. [illegible]

૨ [illegible] છે, પણ તે [illegible] ટીકાથી [illegible] "[illegible] उत्पद्यते" [illegible] "[illegible]" [illegible] અને તેની [illegible]"

अस्मास्स्वेकः शृणु मुनिरिपोर्ध्याननीयूषपानं
त्यक्त्वा नान्यत्किमपि भवने दृश्यते शान्तिहेतुः ॥६७॥

હા હા કષ્ટ ! નિરદય પણે ડંશિયું કાળસર્પે,
એવા [illegible] જગ બધું મુનિ ! ઉગરે શે ઉપાએ ?
હાં હાં આરો પરમેશ્વરનું ધ્યાન સુધા પીધાથી,
બીજીરીતે નહિ જ બનશે શાસ્ત્ર બોલે પુકારી. ૬૭
મંદાક્રાન્તા—વૃત્ત.

પૂર્વાર્ધમાં પ્રશ્ન ને ઉત્તરાર્ધમાં તેનો ઉત્તર છે. હે મુનિ! કાળરૂપી સર્પે [illegible] આ બધું જગત [illegible] છે. જેથી આ જગત્ મત્યુકાળની [illegible] [illegible] છે. [illegible] ઉપાયે ઉગરશે! હાં હાં હવે સમાધાન છે કે [illegible] ધ્યાન [illegible] આરો છે. અન્યઉપાયે બચવાનું નથી એમ શાસ્ત્ર [illegible] ને બોધે છે.

[illegible] 'હા હા કષ્ટ' શબ્દે [illegible] જગતને [illegible] જોતાં દયાનો ભાવ [illegible] પ્રવર્તક છે [illegible] 'મુનિ' શબ્દનો દીર્ઘ અંલકાર [illegible] સવારૂપ હૈન્ય અને ઉત્તરના [illegible] એ ચારે ભાવસંધિના [illegible] ઉત્સાહમાં [illegible] "હાં હાં આરો" [illegible] તે, વિતર્ક, ચિંતા, હૈન્ય ને [illegible] 'પરમેશ્વરનું ધ્યાનસુધા [illegible]' [illegible] આનંદ [illegible] આસ્વાદન કરાવે છે.
[illegible]

कश्चित्क्रन्दति [illegible] [illegible] हा
[illegible] [illegible] [illegible] हा हा [illegible] ।
कश्चित्[illegible] [illegible]
[illegible] [illegible] ॥६८॥

વ્હાલીડા મુજ પુત્ર! તું કહીં ગયો એવા વિલાપો કરે,
કાળે ફરકરે હણેલ સુતને નિહાળી કોઇ અરે;
થૈથૈકાર મચાવી નૃત્ય કરતા વારાંગના સંગ કો,
રે રે ચિત્રવિચિત્ર સંસૃતિ સુખે દુઃખે ઝૂલાવે અહો! ૬૮

વારાંગના—નાચનારી સ્ત્રી. સંસૃતિ—સંસાર

'હા મ્હારા વહાલા પુત્રા તું શું લોકાન્તરમાંજ જઇ વસ્યો! ત્હારાં માબાપોને નિરાધાર કરી સ્વર્ગમાંજ સીધાવ્યો! બાપુ! વ્હાલા! એકવાર તો ઉત્તર આપ'' આવા આવા વિલાપો કરી કોઇસ્થળે કોઇજનો, યમે ફરકરે ભેદેલા, પોતાના વ્હાલામાં વ્હાલા એકના એક પુત્રના શબને નિહાળી શીર કૂટતા ને રડી રડી આંખમાંથી રુધિર ઝરાવતા જોવામાં આવે છે; તો બીજે સ્થળે કોઇકો, વિવિધવસ્ત્રો સજી ફુદડી ફરતી ને ઝાંઝરના ઝણુકાર કરતી વારાંગનાના સંગમાં થૈથૈકાર મચાવી આનંદિત થતા જોવામાં આવે છે. અહો! કેવું આશ્ચર્ય છે!! કેવો ચિત્રવિચિત્ર સંસાર છે!! તે અમને ક્ષણવાર સુખમાં ને ક્ષણવાર દુઃખમાં ઝૂલાવે છે.

